# એકમ-૩ શિક્ષણ એક મૂળભૂત અધિકાર તરીકે :



નોંધ

## અભ્યાસનું માળખું

૩.૦ પરિચય

૩.૧ શીખવાના હેતુઓ

૩.૨ પ્રારંભિક શિક્ષણના કન્સેપ્ટ અને યુનિવર્સલિઝેશનની જરૂર

- ૩.૨.૧ ભારતના બંધારણની કલમ-૪૫
- ૩.૨.૨. યુ.ઈ.ઈ.ના લક્ષ્યાંકોનાં બિન-સધ્ધિ માટેનાં કારણો
- ૩.૨.૩. ૮૬માં બંધારણીય સુધારો
- ૩.૨.૪ શિક્ષણનો અધિકાર કાયદો (RTE - ૨૦૦૯)
- ૩.૨.૫ બાળ અધિકારો

૩.૩ શિક્ષકની ભૂમિકાઓ અને જવાબદારીઓ

૩.૪ શાળા ગવર્નન્સ અને મેનેજમેન્ટ

૩.૫ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સંબંધી જરૂરિયાતો

૩.૬ આરટીઈ (RTE) અધિનિયમ, ૨૦૦૯ ના નિયમો

- ૩.૬.૧ પ્રારંભિક ભાગ
- ૩.૬.૨. બાળકોને મુક્ત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર
- ૩.૬.૩. રાજ્ય સરકારની ફરજો
- ૩.૬.૪ રેકોર્ડ્સની જાળવણી
- ૩.૬.૫ શાળાઓ અને શિક્ષકોની જવાબદારીઓ
- ૩.૬.૬ સ્કૂલ અને મેનેજમેન્ટ કમિટી
- ૩.૬.૭ શિક્ષકોની યોગ્યતાઓ
- ૩.૬.૮ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને સમાપ્તિ
- ૩.૬.૯ બાળકોના અધિકારોનું રક્ષણ

૩.૭ ચાલો આપણે સાર સમજીએ

૩.૮ સૂચવેલ વાંચન અને સંદર્ભો

૩.૯ યુનિટ-એન્ડ એક્સસાઈઝ

## ૩.૦ પ્રસ્તાવના



નોંધ

*તમે હકીકતથી પરિચિત છો કે શિક્ષણ કોઈપણ દેશની પ્રગતિ માટેની ચાવી છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ બાળકના વ્યક્તિત્વની તમામ ક્ષમતાઓમાં વિકાસ લાવવાનો છે. ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ ભારતમાં સાક્ષરતા દર ૭૪.૦૪ ટકા હતો. તેમ છતાં કેરળ જેવા કેટલાક રાજ્યોમાં સાક્ષરતા દર ૯૩.૯ ટકા જેટલો ઊંચો હતો જ્યારે બિહાર જેવા રાજ્યમાં ૬૩.૮ (ટકા) જેટલો નીચો હતો.*

*એકમ-૧ અને એકમ-૨ માં તમે વિવિધ શિક્ષણ સંબંધી કમિશન અને સમિતિઓની ભલામણોનો અભ્યાસ કર્યો છે. પ્રારંભિક શિક્ષણ અભ્યાસક્રમની ઉત્ક્રાંતિ અને એનસીએફની મુખ્ય અસરોનો પણ અભ્યાસ કર્યો છે.*

*આ યુનિટમાં આપણે એ અભ્યાસ કરવા જઈ રહ્યા છીએ, કે કેવી રીતે શિક્ષણ બાળકોના એક મૂળભૂત અધિકાર તરીકે ઊભરી આવ્યું છે. આ ઉપરાંત આપણે RTE કાયદા ૨૦૦૯ની જોગવાઈઓ અંગે ચર્ચા કરીશું.*

*જ્યાં બાળકોના અધિકારો સંબંધિત વાત છે ત્યાં યુનાઈટેડ નેશન્સે બે મહત્વના દસ્તાવેજો જારી કર્યા. ૧૯૪૮માં 'માનવ અધિકારોની ઘોષણા' અને ૧૯૫૯માં 'બાળકોના અધિકારોની ઘોષણા' (ડિક્લેરેશન ઓફ ધ રાઈટ્સ ઓફ ધ ચાઈલ્ડ) નામના દસ્તાવેજ જારી કર્યા છે.*

*આ વાત સત્ય છે કે આજે આપણે ૨૧ મી સદીમાં પ્રવેશ કરી ચુક્યા છીએ પરંતુ આજે પણ લાખો કરોડો લોકો ગરીબીમાં જીવન જીવવા માટે મજબુર છે. જેઓની આધુનિક જીવન જીવવાની કોઈ શક્તિ નથી.અમે હોવા છતાં ૨૧મી સદીમાં જીવતા આપણે, જાણીએ છીએ કે હજારો લોકોને આધુનિક જીવનની કોઈપણ સગવડ વગર હજુ પણ ગરીબીમાં રહેવાની ફરજ પડી રહી છે.*

*સ્વતંત્રતા પછી ભારતમાં શિક્ષણના ક્ષેત્રમાં મોટો વિકાસ થયો. પરંતુ તેમ છતાં લાખ બાળકો શાળાઓમાં પ્રવેશથી વંચિત છે, ડ્રોપઆઉટના દર, બગાડ અને અસ્થિરતા પણ ખૂબ ઊંચી હતી. આ હકીકતો પ્રકાશમાં આવતા ભારતીય સંસદે ઓગસ્ટ-૨૦૦૯માં શિક્ષણના અધિકારનો કાયદો પસાર કર્યો.*

*આ એકમમાં આપણે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણના ધ્યેયો સિધ્ધ કરવા માટે આ અધિનિયમની જોગવાઈઓ અને શિક્ષકોની ભૂમિકાનો અભ્યાસ કરીશું.*

## ૩.૧ શીખવાનાં ઉદ્દેશો :

*આ યુનિટનો અભ્યાસ કર્યા પછી તમે આનો પ્રયત્ન કરી શકો છો :*

- *પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણના અર્થને સમજાવવું (*UEE - universalization of elementary education*)*
- *પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના લક્ષ્યાંકોની બિન-સિધ્ધિના કારણો અંગે ચર્ચા કરી શકશો, કે જે ભારતના બંધારણની કલમ-૪૫ માં જણાવેલ છે.*
- *૮૬માં બંધારણીય સુધારા (૨૦૦૨) માં કરવામાં આવેલ જોગવાઈઓનો ઉલ્લેખ કરી શકશો.*
- *યુનાઈટેડ નેશનની ઘોષણામાં આપવામાં આવેલા બાળકના અધિકારોનું વર્ણન કરી શકશો.*

## ૩.૨.૨. યુ.ઈ.ઈ. (Universalization of Elementrary Education) ના લક્ષ્યાંકોના બિનસિધ્ધિ માટેનાં કારણો :

નોંધ

UEE ના લક્ષ્યાંકોના બિન-સિધ્ધિ માટેના કેટલાક કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| UEE ના લક્ષ્યાંકોના બિન-સિધ્ધિ માટેના કારણો | વસ્તી વિસ્ફોટ |
| | કૃષિ આધારિત અર્થ વ્યવસ્થા |
| | માહિતી સંચારનો અભાવ |
| | બેકારી |
| | ડ્રોપ આઉટ (શિક્ષણ અધૂરું છોડવું) બગાડ અને નિષ્ક્રીયતા |
| | ઓછી જાણકારી અને અજ્ઞાનતા |
| | લિંગ સંબંધી પક્ષપાત |
| | જીવનમાં સ્થિરતાનો અભાવ |
| | યુધ્ધ સ્તરના પ્રયત્નોનો અભાવ |

**આકૃતિ 1-UEE ના લક્ષ્યોની બિન-સિધ્ધિના માટે કારણો**

**વસ્તી વિસ્ફોટ :** શાળાઓના સંખ્યાત્મક વિસ્તરણ અને નેટવર્ક હોવા છતાં વિકાસ દર વસ્તીના વિકાસ દર કરતા પાછળ રહ્યો છે. આપ જાણે જ છો કે, વસ્તીની ઝડપી વૃધ્ધિએ જીવનના તમામ ક્ષેત્રોમાં ઘણી સમસ્યા ઉભી કરી છે.

**ગરીબી :** શાળામાં બાળકોને મોકલતા હજારો મા-બાપ એવા છે, કે તેમને પોતાના બાળકોને શાળામાં મોકલવા પરવડી શકે તેમ નથી.તેમના બાળકોને કાચી ઉંમરમાં જ આજીવિકા કમાવવા માટે મોકલવા પડે તેમની મજબૂરી છે. આથી તેઓ તેમના બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવતા નથી. ઘણી વખત આપણે આવા બાળકોને વિવિધ પ્રકારના કામમાં સંકળાયેલા જોઈએ છીએ.

**કૃષિ આધારિત અર્થતંત્ર :** -ગરીબી અને આધુનિક ટેક્નોલોજીના અભાવમાં ઘણા માં-બાપ પોતાના બાળકોને શાળાઓમાં મોલકવાને બદલે ખેતરમાં કામ કરવા મોકલે છે. તમે કેટલાય બાળકોને ખેતરોમાં તેમના માતા-પિતા સાથે અથવા મજૂરો તરીકે કામ કરતા જોયા હશે.

**સંચાર તફાવત દૂરસ્થ** : ડુંગરાળ અને આદિજાતિ વિસ્તારોમાં સરકાર અને લોકો વચ્ચેના સંવાદનો અભાવ હોય છે. બાળકો જેમાં વસવાટ કરે છે. એવા આ વિસ્તારોમાં શિક્ષણ માટે પહોંચવાનો માર્ગ સરળ નથી. સ્થાનિક એજન્સીઓ અને એનજીઓ પણ આવા સમસ્યારૂપ વિસ્તારોમાં શિક્ષણ માટે સગવડ કરવાની સ્થિતિમાં નથી હોતી. તેથી આવા વિસ્તારના બાળકો શિક્ષણ પ્રાપ્ત નથી કરી શકતા.




**બેરોજગારી :-** ઘણા માતા- પિતા માને છે કે શિક્ષિત યુવાનો બેરોજગાર છે. તેઓ માને છે કે બાળકોને શાળાઓમાં મોકલવામાં કોઈ ફાયદો નથી. જો કે, તમને ખબર છે કે આ માન્યતા યોગ્ય નથી અને શિક્ષક તરીકે તમારે માતા-પિતા ના આવા નકારાત્મક વલણનો પ્રકાર બદલવામાં સખત મહેનત કરવી પડશે.

**પ્રેરણા અભાવ :** એમાં કોઈ બે મત નથી કે, સરકારે સ્કૂલમાં જતા બાળકોને માટે મફત શિક્ષણ, શિષ્યવૃત્તિ અને અન્ય સવલતો રૂપી પ્રોત્સાહન આપ્યું હોવા છતાં બાળકોને શાળામાં મોકલવા માટે માતા-પિતા વચ્ચે પ્રેરણા અભાવ છે. પ્રેરણા અભાવના પરિણામે, શાળાઓમાં બાળકોની નોંધણીમાં વધારો થતો નથી.

**ડ્રોપઆઉટ્સ, બગાડ અને અસ્થિરતા :** આપણે વારંવાર અનુવભીએ છીએ કે બાળકો શાળામાં નોંધણી તો કરાવી દે છે, પણ વિવિધ કારણોને લીધે વચ્ચે જ શાળા છોડી દે છે. પ્રારંભિક સ્તર પરનો આ બગાડ અને સ્થિરતાનો અભાવ બાળકોના શિક્ષણની પૂર્ણતામાં મોટેભાગે અવરોધો છે.

**જાગરૂકતાનો અભાવ અને અજ્ઞાનતા :** શિક્ષણના મૂલ્ય વિશે અજ્ઞાનતા એ શાપ છે. આપણા સમાજમાં ઘણા માતા-પિતા માનવ જીવનમાં શિક્ષણના મહત્વને સમજી શકતા નથી. અને તે માત્ર અજ્ઞાનતાથી જ પોતાનો બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવતા નથી.

**જાતિ પૂર્વગ્રહ :** ઘણા રાજ્યોમાં મહિલાઓની સાક્ષરતા દર પુરુષ સાક્ષરતા કરતાં નીચો છે. ઘણા સમાજોમાં લિંગ પૂર્વગ્રહ મુખ્ય છે.  આપણે વારંવાર અવલોકન કરતા હોઈએ છીએ કે, કેટલાક પરિવારોમાં પુરૂષ બાળકને શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે સ્ત્રી બાળકના શિક્ષણની ઉપેક્ષા કરવામાં આવે છે.તેણીને રોજીંદા ઘરેલું કાર્યોમાં પોતાની માતાની મદદ કરવાની જવાબદારી ઉઠાવી પડે છે અને ઉપરાંત પોતાનાથી નાના ભાઈ અથવા બહેનની સંભાળ પણ રાખવી પડે છે.

**જીવનમાં સ્થિરતાનો અભાવ :** કેટલીએ જનજાતિઓ અને વિચરતી જાતિઓ હજુ પણ બેઘર છે. અને તેઓ આજીવિકાની શોધમાં આમતેમ ભટકતી રહે છે. કેટલાક મજૂરોના જીવનમાં સ્થિરતાનો અભાવ છે. ઘણા બાળકો અનાથ છે. આ બધી જ પરિસ્થિતિઓમાં આપણે કલ્પના કરી શકીએ કે, આ બધામાં શિક્ષણ લેતા કિસ્સાઓ દૂરના સ્વપ્ન બની જાય છે.



નોંધ

**પ્રવૃત્તિ-૧**

૧. *પ્રારંભિક શિક્ષણના સાર્વત્રીકરણના લક્ષ્યની બિન-સિધ્ધિ માટેના ઓછામાં ઓછા ત્રણ કારણો જણાવો.*

.................................................................................

.................................................................................

.................................................................................

૨. *શું તમે સાક્ષર અને નિરક્ષર માણસોની જીવન શૈલીમાં કોઈ તફાવત જોયો છે ?*

*સાક્ષર અને નિરક્ષરો વચ્ચે તમે કયા પ્રકારના તફાવતો જોયા છે.*
*નીચેની સારણીના આધાર પર તમારા અવલોકન નો રેકોર્ડ કરો.*

- *જીવન પ્રત્યેનો અભિગમ*
- *સમાજિક પરિપક્વતા*
- *જ્ઞાન સ્તર*
- *આર્થિક સ્થિતિ*
- *બાળકોની શૈક્ષણિક સ્થિતિ*
- *પરિવારનું કદ*
- *જીવન ધોરણ*

.................................................................................

.................................................................................

.................................................................................

## ૩.૨.૩ ૮૬મો બંધારણીય સુધારો :

*વર્ષ - ૨૦૦૨માં ભારતીય લોકસભામાં, બંધારણનો ૮૬માં સુધારો પસાર કરવામાં આવ્યો જેનું વર્ણન નીચે મુજબ છે.*

**બંધારણનો (૮૬મો સુધારો) અધિનિયમ,૨૦૦૨**

૧. **લઘુ શીર્ષક અને પ્રારંભ** - *(૧) આ અધિનિયમને બંધારણનો (૮૬મો સુધારો) અધિનિયમ, ૨૦૦૨ કહેવામાં આવે છે. (૨) આ તે તારીખથી અમલમાં આવશે કે જેની અધિ સુચના કેન્દ્ર સરકાર પોતાના ગેઝેટના જાહેરનામા દ્વારા જાહેર કરશે.*

૨. **નવા સુધારાની નોંધ 21A** - **બંધારણના ૨૧ માં સુધારા અંતગર્ત 21A** *રાજ્ય છ થી ચૌદ વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પુરુ પાડશે જેને રાજ્ય કાયદા દ્વારા નિર્ધારિત કરશે.*

૩. **સુધારો -૪૫ ના નવા સુધારા અંતગર્ત અવેજીકરણ - બંધારણની કલમ-૪૫ માટે,**

**નીચેનો સુધારો** *બદલી* **નાખવામાં આવશે, એટલે કે : -** *છ વર્ષથી ઓછી ઉંમરના*

બાળકોને બાળપણની સંભાળ અને પ્રારંભિક શિક્ષણ માટેની જોગવાઈ જેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.




"રાજ્ય છ વર્ષની વય સુધી પ્રારંભિક બાળપણની સંભાળ અને બધા બાળકો સુધી શિક્ષણ પૂરુ પાડવાનો પ્રયત્ન કરશે."

બંધારણમાં ૮૬માં સુધારો ૨૦૦૨ માં આપવામાં આવ્યો.

અને તે મુજબ ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકોને મફતમાં ફરજિયાત શિક્ષણ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત "બાળકોને મુક્ત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર" નો કાયદો ભારતીય સંસદે ૨૦૦૯ માં પસાર કર્યો, સંસદ દ્વારા પસાર કરવામાં આવેલી કાર્યવાહીને પણ સક્ષમ કરવા માટે સૂચિત કરવામાં આવ્યું હતું કે જે થી ૮૬ માં સુધારોનો અમલ કરી શકાય.

વર્ષ - ૨૦૦૨ માં, ૮૬માં સુધારાના કાયદા દ્વારા કલમ-૨૧ (એ) નો સમાવેશ કરવામાં આવ્યો હતો. તે પ્રાથમિક શિક્ષણના અધિકારને સ્વતંત્રતાના અધિકારનો ભાગ બનાવીને જણાવે છે કે રાજ્ય છ થી ચૌદ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપશે.

બંધારણની કલમ-૨૧ જીવન અને વ્યક્તિગત રક્ષણ સાથે સંબંધિત છે.

કલમ-૨૧ બાદ કલમ-૨૧ (એ) ઉમેરવામાં આવી હતી તમે તે કદર કરશો.

કલમ-૨૧ (એ) ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોના શિક્ષણને મૂળમૂત અધિકાર બનાવે છે.

બંધારણની કલમ-૫૧ (એ) માં નાગરિકોની ૧૦ મૂળભૂત ફરજોનો સમાવેશ થાય છે. આ સુધારાના આધારે ૧૧મી મૂળભૂત ફરજ ઉમેરવામાં આવી છે, જે મુજબ તમામ માતા-પિતા અથવા વાલીઓની ફરજ છે કે પોતાના ૬ થી ૧૪ વર્ષના સંતાનોને શિક્ષણની તકો પૂરી પડે. આમ પોતાના બાળકો અને આશ્રિતોને શિક્ષણ અપાવવું તે પ્રત્યેક નાગરિકની **મૂળભૂત ફરજ** બની છે.

**પ્રવૃત્તિ-૨**

૧. ભારતીય બંધારણના ૮૬ સુધારાએ શાળા વ્યવસ્થા પર શું પ્રભાવ પડ્યો છે ? ચર્ચા કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૩.૨.૪ શિક્ષણનો અધિકાર અધિનિયમ (આરટીઈ - RTE ) ૨૦૦૯



નોંધ

૨૬મી ઓગષ્ટ, ૨૦૦૯ ના રોજ, ભારતીય સંસદે શિક્ષણ માટેનો એક ઐતિહાસિક કાયદો પસાર કર્યો હતો, જે 'રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ' ૨૦૦૯ તરીકે ઓળખાય છે.યુ.ઈ.ઈ.ના ગોલના પહોંચી વળવાના ભાગરૂપ, આ સરકારનું સૌથી વધુ રાહ જોવાતી પગલું હતું. તમને જાણીને આશ્ચર્ય થશે કે કોલ્હાપુર રાજ્યમાં છત્રપતિ શાહુ મહારાજ દ્વારા ૧૯૦૨માં ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરૂ પડતો કાયદો પહેલેથી જ અમલમાં મુકવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૧૮માં વલ્લભભાઈ પટેલે એક અધિનિયમ પસાર કરીને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવી બોમ્બે રાજ્યની તમામ મ્યુનિસિપલ કાઉન્સિલમાં મફત અને ફરજીયાત કરી દીધું હતું.મહાત્મા ગાંધીની શિક્ષણની મૂળભૂત પધ્ધતિ કે, જે વર્ધા યોજના (૧૯૩૭)ના નામથી પણ ઓળખાય છે તે પણ બાળકો માટે ફરજિયાત અને મફત શિક્ષણની તરફેણ કરતી હતી. મહાત્મા ગાંધીના વિચારો મુજબ દરેક વ્યક્તિ પાસે જેમ મફત હવા અને પાણી હોય છે તે જ રીતે મફત શિક્ષણ દરેક માટે ઉપલબ્ધ હોવું જોઈએ અને દરેક બાળકનું કલ્યાણ અને સંભાળ લેવી તે સમાજ અને સરકાર બંનેની ફરજ છે.

આપણો દેશ બાળ અધિકારો અંગેના ૧૯૫૯ના યુએનના ઘોષણાપત્રનો હિમાયતી છે.

તદ્નુસાર, ભારતે ૧૯૭૪માં બાળકો પર રાષ્ટ્રીય નીતિ અપનાવી હતી. યુનિસેફ અહેવાલ (૨૦૦૫) જેનું શીર્ષક હતું "ભયભીત બાળપણ" (ચાઈલ્ડહુડ અન્ડર થ્રેટ) માં જણાવાયું છે કે ભારતમાં પાંચ અને ચૌદ વર્ષ વચ્ચેના ૭૨ મિલિયન બાળકો મૂળભૂત શિક્ષણની પહોચ થી બહાર છે. બાળકના અધિકારોની ખાતરી કરવા અને યુએન પ્રત્યેની ભારતની પ્રતિબધ્ધતાના પ્રતિભાવમાં આ અસરની જાણકારી મેળવવા તથા બાળ અધિકારોનું રક્ષણ કરવા, ભારત સરકારે રાષ્ટ્રીય કમિશનની સ્થાપના કરી. દરેક દરેક બાળકને અસ્તિત્વ ટકાવાનો, વિકાસ અને ભાગીદારીનો અધિકાર છે.

એક જવાબદાર નાગરિક અને શિક્ષક તરીકે આપણી એ મુખ્ય ફરજ છે બાળકના અધિકારોનું રક્ષણ કરવું.

હવે તમે RTE-2002 કાયદાની નીચેની જોગવાઈઓ વિગતવાર અભ્યાસ કરશો.

- બાળકના હક્કો
- શિક્ષકની ભૂમિકાઓ અને જવાબદારીઓ
- શાળા શાસન અને સંચાલન
- અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની આવશ્યકતાઓ

## ૩.૨.૫ બાળ અધિકારો

યુનાઈટેડ નેશન્સના બાળકના અધિકરો પરના ઘોષણાપત્રના આધારે કેટલાક મહત્વપૂર્ણ અધિકારો નીચે મુજબ છે.

| | |
|---|---|
| બાળકના અધિકારો | જીવન જીવવાનો અધિકાર |
| | સ્વાસ્થ્ય અને સંરક્ષણનો અધિકાર |
| | રાષ્ટ્રીયતાનો અધિકાર |
| | પોષણનો અધિકાર |
| | શિક્ષણનો અધિકાર |
| | શોષણ સામે રક્ષણનો અધિકાર |
| | અભિવ્યક્તિનો અધિકાર |
| | ઉપેક્ષાથી બચાવનો અધિકાર |
| | માતા-પિતા સાથે રહેવાનો અધિકાર |
| | માહિતીનો અધિકાર |




**આકૃતિ 2 : બાળકના અધિકારો**

- ૬ થી ૧૪ વર્ષની વયના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થાય ત્યાં સુધી પડોશની શાળામાં મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.
- પ્રાથમિક શિક્ષણ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ બાળક પાસેથી કોઈપણ પ્રકારની ફી અથવા ખર્ચ લેવાનો રહેશે નહિ.
- કેટલાક કારણોસર અથવા અન્ય દ્વારા ૬ વર્ષથી ઉપરનો બાળક પ્રારંભિક શિક્ષણ પૂર્ણ ન કરી શક્યો હોય અને પછીથી તે શાળામાં પ્રવેશ ઈચ્છે તો તેને તેની વય કક્ષા મુજબ શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે.
- જે શાળા જેમાં કોઈ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો છે, ત્યાં પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરવાની સુવિધા નથી તો તેને અન્ય નજીકની કે જ્યાં સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે. આપણે તેવા બાળકો માટે શક્ય તેટલી તમામ મદદ કરવી જોઈએ.
- જો કોઈપણ કારણોસર બાળકને રાજ્ય અંદર અથવા બહારની એક શાળાથી બીજા સ્થળે જવાની જરૂર પડે તો આવા બાળકને તેની / તેણીની ઈચ્છા મુજબ સ્થળાંતર કરવાનો અધિકાર છે. એક શિક્ષક તરીકે, આપણે આ તબક્કે બાળકને શક્ય તેટલી મદદ કરવી જોઈએ.
- સંબંધિત સ્કૂલના હેડમાસ્તર અથવા ઈનચાર્જ પાસે આપણે એ અપેક્ષા રાખી શકીએ, કે બાળકને ટ્રાન્સફર સર્ટિફિકેટ આપે જો તે ટ્રાન્સફર સર્ટિફિકેટની ફાળવણીમાં વિલંબ કરે તો તે સેવા નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં માટે જવાબદાર રહેશે.



નોંધ

?

- બાળકને વય સાબિતીના અભાવ માટે કોઈ શાળામાં પ્રવેશ નકારવામાં આવશે નહિ. જો શક્ય હોય તો આપણે બાળકને વય સાબિતી મેળવવા માટે મદદ કરી શકીએ. તે બાળકને ભવિષ્યમાં પણ ઉપયોગી બનશે.

- પ્રવેશની છેલ્લી તારીખ પછી પણ કોઈપણ બાળકને પ્રવેશ લેતા અટકાવી શકશે નહિ અને એક શિક્ષક તરીકે આપણી ફરજ બને છે, કે

  તે બાળકની જરૂરિયાત મુજબ અભ્યાસ પૂર્ણ કરાવીએ.

- શાળામાં દાખલ કરેલ કોઈપણ બાળકને પાછલા વર્ગમાં રાખવામાં આવશે નહીં તથા શાળામાંથી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થવા સુધી હાંકી કાઢવામાં આવશે નહિ.

- આપણે કોઈપણ બાળકને શારીરિક સજા કે માનસિક ત્રાસ ન આપી શકીએ.

**પ્રવૃત્તિ-૩**

- બાળકના આ અધિકારોનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને તમારા અવલોકનોના આધારે તમારા વિસ્તાર / શાળા / વર્ગખંડમાં આ કેવી રીતે અનુસરવામાં આવે છે તે જણાવો.

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

- બાળકના અધિકારોના ઉલ્લંઘનના કારણોનો ઉલ્લેખ કરો.

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

- બાળકના તે અધિકારોની યાદી બનાવો જે, તમારા વિસ્તારમાં ઉલ્લંઘન કરવામાં આવી રહ્યા છે.

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

- તે સ્થળો (હોટલો, દુકાનો, ખેતરો, બજાર સ્થળો વગેરે)ની મુલાકાત લો જ્યાં બાળ અધિકારનું ઉલ્લંઘન કરવામાં આવે છે, આવા સ્થળોએ કામમાં રોકાયેલા બાળકો સાથે વાતચીત કરો અને તમારા અવલોકનો નોંધો.

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

- લોકોમાં બાળ અધિકારો અંગે જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરો.

  ..................................................................
  ..................................................................
  ..................................................................

- બાળકના અધિકારો' વિષય પર સ્ટ્રીટ પ્લે (પઠનાટ્ય) ની સ્ક્રિપ્ટ  તૈયાર કરો અને તમારા વિદ્યાર્થીઓની મદદથી તે ભજવો.

  ..................................................................
  ..................................................................
  ..................................................................

નોંધ

## ૩.૩ શિક્ષકોની ભૂમિકા અને જવાબદારીઓ :

જેમ તમે જાણો છો, કે શાળાના નિર્વિઘ્ન સંચાલનમાં શિક્ષકની ભૂમિકા ખૂબ મહત્વની છે. જેવા શિક્ષક હશે, તેવી શાળા હશે, આ એક અનુભવી હકીકત છે.

RTE કાયદા હેઠળ શિક્ષકની ભૂમિકા નીચે પ્રમાણે છે.

- શાળામાં હાજરી આપવામાં નિયમિત અને સમયસર રહેવું
- ચોક્કસ સમય મર્યાદામાં સમગ્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
- દરેક બાળકની શીખવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું અને તદનુસાર બાળકને શીખવાની તકો પ્રદાન કરવી.
- બાળકોના માતા-પિતા / વાલીઓ સાથે નિયમિત મુલાકાત કરવી અને બાળકની સમગ્ર કામગીરી અને પ્રગતિ વિશે તેમને જાણ કરવી.
- એક શિક્ષક તરીકે, તમારી જવાબદારી છે કે બાળક ભય, આઘાત અને અસ્વસ્થતા વગર રહે અને પોતાની માનસિક અને શારીરિક ક્ષમતાઓનો વિકાસ કરી શકે.

  બાળકો માટે વ્યાપક અને સતત મૂલ્યાંકન પ્રક્રિયા (સીસીઈ) કરવી

  બાળકના જ્ઞાન, ક્ષમતા અને પ્રતિભાને વધારવા માટેના તમામ પ્રયત્નો કરવા અને તેના/તેણીના શારીરિક અને માનસિક ક્ષમતાઓના વિકાસ માટે કામ કરવું. ટૂંકમાં, તમારે બાળકનો સર્વવ્યાપી વિકાસ સાધવાનો છે.

- જો તમે ફરજોની કામગીરીમાં ડિફોલ્ટ કરી રહ્યાં હોવ તો તમે શિસ્ત કાર્યવાહી માટે જવાબદાર હશો.

નોંધ

- તમારા દ્વારા માત્ર નિયત ફરજો અદા કરાવવાથી કદાચ તે ધ્યેયો હાંસલ ન થઈ શકે આરટીઈના ધ્યેયો તમારે આરટીઈના મહાન સમર્થકો તરીકે પાર પાડવા જોઈએ અને આ જોગવાઈઓ ના અસરકારક અમલીકરણ માટે સક્રિય એજન્ટ તરીકે કામ કરવું પડશે. આરટીઈ એક્ટની જોગવાઈ ૨૦૦૯ ને હાંસલ કરવા માટે આપણે રાષ્ટ્રને આપણી સર્વશ્રેષ્ઠ સેવાઓ આપવી પડશે ત્યારે ૧૦૦ ટકા સાક્ષરતાનો ધ્યેય પ્રાપ્ત કરી શકીશું.

| **શિક્ષકની ફરજો** | **નિયમિત અને સમયસર** |
|---|---|
| | બાળકોને શોધવા અને તેમની કક્ષા મુજબ નોંધણી કરાવવી |
| | બાળકોની જરૂરિયાતો અને યોગ્યતાઓને ઓળખવી |
| | બાળકોની સર્જનશક્તિ ઓળખવી અને તેને પોષવી |
| | વાલીઓને પ્રેરણા આપી બાળકોની નોંધણી કરાવવી |
| | બાળકોને શિક્ષણ પૂરૂ કરવા પ્રેરણા આપવી |
| | નિશ્ચિત સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂરો કરવો |
| | વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો પર વિશેષ ધ્યાન આપવું. |
| | બાળકોને તમામ સગવડો આપવી. |
| | બાળ અધિકારોનું રક્ષણ કરવું. |
| | શિક્ષણના અધિકારનો કાયદો-૨૦૦૯ ના પાલન માટે અધિકારીઓ સાથે સમન્વય સાધવો |
| | શાળાના સંચાલન અને વ્યવસ્થાપનમાં ભાગીદાર બનવું |
| | એક માર્ગદર્શક તરીકે કામ કરતા સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરવો |
| | સમાજ પરિવર્તનના વાહક તરીકે કામ કરવું |

**આકૃતિ-૩ શિક્ષકની ફરજો**

**પ્રવૃત્તિ-૪**

૧. તમે આરટીઈ એક્ટ-૨૦૦૯ દ્વારા શિક્ષક માટે સૂચવેલ ફરજોનો અભ્યાસ કર્યો છે. તેના આધાર પર અભિપ્રાય આપો, કે કઈ ફરજો શિક્ષકોને તેના ઉદ્દેશ્યો પાર પાડવા માટે અપનાવવી જોઈએ.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૩.૪ શાળા સંચાલન અને વ્યવસ્થાપન



નોંધ

*તમારે ક્યારેય તે ન ભૂલવું જોઈએ કે શાળાનું શાસન અને વ્યવસ્થાપન મહત્વનું છે. જ્યાં સુધી તમારી શાળાને યોગ્ય રીતે સંચાલિત કરવામાં ન આવે ત્યાં સુધી તમે આરટીઈના ધ્યેયો હાંસલ કરવા માટે સક્ષમ નહી બની શકો. આરટીઈમાં શાળાની વ્યવસ્થા અને શાસન અંગે ઘણી જોગવાઈઓ છે. તેનો સ્પષ્ટપણે કાયદામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

*કોઈ શાળા ત્યારે જ સ્થાપિત અથવા માન્ય કરવામાં આવશે કે જ્યારે તેમાં શિક્ષણ આપવા સંબંધી ધોરણો કે માપદંડોનું યોગ્ય પાલન કરવામાં આવ્યું હશે. અર્થાત કોઈપણ શાળામાં જરૂરી માળખાકીય અને શૈક્ષણિક સુવિધાઓ હોવા જ જોઈએ.*

*માતા બાળકની પ્રથમ શિક્ષક કહેવાય છે, તમને એ જાણીને આનંદ થશે કે* RTE *કાયદાની જોગવાઈઓ મુજબ શાળાઓની મેનેજમેન્ટ કમિટીમાં ઓછામાં ઓછા ૫૦% મહિલાઓ હોય છે અને મોટાભાગના પદાધિકારીઓ અને આ સમિતિના સભ્યો શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માતા-પિતાની શ્રેણીમાંથી પસંદ કરવામાં આવે છે. મેનેજમેન્ટ કમિટી નીચે પ્રમાણેના કાર્યો કરે છે.*

- *શાળાના કામકાજ પર નજર રાખવી*
- *શાળા વિકાસ યોજના તૈયાર કરવી અને ભલામણ કરવી*
- *વિવિધ સ્ત્રોતોથી પ્રાપ્ત અનુદાનની દેખરેખ રાખવી.*
- *આરટીઈના લક્ષ્યાંકો હાંસલ કરવાના અભિયાન માટે કાર્ય કરવું.*

*તમારી પાસે અપેક્ષા રાખવામાં આવે છે, કે તમે શાળાના શાસનમાં મદદ કરો, તે સુનિશ્ચિત કરો કે તમામ યોગ્ય બાળકો શાળામાં નોંધાયેલા છે અને તે પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરૂ ન કરે ત્યાં સુધી શાળા ન છોડે, તે સંયુક્ત જવાબદારી છે. અનિયમિતતા અને ડ્રોપઆઉટ એક પડકાર છે પરંતુ તમે બાળકો અને માતા-પિતાને પ્રેરિત કરીને તેને અટકાવવા માટે પ્રયત્ન કરી તે દૂર કરી શકો છો.*

## ૩.૫ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સંબંધી જરૂરિયાતો (ની આવશ્યકતા)

*આ તબક્કાના અભ્યાસક્રમથી બાળકોમાં લઘુત્તમ મૂળભૂત કુશળતા તથા વર્તન સંબંધી વિકસિત થવાની ધારણા હોય છે. અભ્યાસક્રમ બાળક-કેન્દ્રિત અને બાળકના દૈનિક જીવન સાથે સંબંધિત હોવો જોઈએ. જરૂરિયાતો અને જરૂરિયાતોને સમાવવા માટે તે લવચીક હોવો જોઈએ કે જેથી વિવિધ ક્ષમતાઓના અને વિવિધ સામાજિક આર્થિક સ્થિતિ સાથે જોડાયેલા બાળકોની આવશ્યકતાઓને સંતોષવા માટે પૂરતો અને સાનુકૂળ થઈ શકે. આ અભ્યાસક્રમ સમાવેશી હોવો જોઈએ જેથી ખાસ જરૂરિયાતવાળા બાળકોની જરૂરિયાતોને પૂરી કરી શકે.*



નોંધ

અભ્યાસનું નિર્માણ આરટીઈ કાયદામાં નિર્દેશિત મૂલ્યો મુજબ થવું જોઈએ. તે એટલો સક્ષમ હોવો જોઈએ કે બાળકોમાં જ્ઞાન, ક્ષમતા તથા પ્રતિભાનો વિકાસ કરી શકે.

તમે તે વાત સાથે સહમત થશો કે અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ દ્વારા શીખવા પ્રોત્સાહન આપવું જોઈએ જેમાં રમતો અને સહ અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ માટેની તક હોય. પ્રાથમિક શિક્ષણ પૂરૂ ન થાય ત્યાં સુધી બાળકની કોઈ બાહ્ય પરીક્ષા લેવી નહીં વર્ગના તમામ બાળકોને ઉચ્ચ વર્ગમાં બઢતી આપવામાં આવે, પરંતુ તેનો એવો અર્થ નથી સમજવાનો કે તમારે મૂલ્યાંકન અવગણવાનું છે. વ્યાપક યોજના અને સતત મૂલ્યાંકન (સીસીઈ) અમલમાં મુકવાનું છે. શિક્ષણની ગુણવત્તા બાબતે તમારે ખૂબ જ કાળજી રાખવાની છે. કોઈ પાસ અને નાપાસની વ્યવસ્થા નથી. તેમ છતાં કોઈપણ સંજોગોમાં શિક્ષણનું પ્રમાણ જાળવી રાખવાનું છે. જેમ તમે જાણો છો, શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ બાળકના સર્વ વ્યાપી વિકાસને લાવવાનો છે. તેથી બાળકના જ્ઞાન, ક્ષમતા અને પ્રતિભાને વધારવા માટે આપણી જવાબદારી છે. આપણે ધ્યાન રાખવું પડશે કે બાળકમાં અનુકૂળ વર્તન અને હકારાત્મક મૂલ્યોનું નિર્માણ થાય. આપણે બાળકમાં વિવિધ કુશળતાને પ્રોત્સાહન આપવું, પ્રવૃત્તિઓ અને શોધની ભાવનાનો વિકાસ થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રવૃત્તિ-૫**

૧. તમારા વિસ્તારની કોઈ એક પ્રાથમિક શાળાની મુલાકાત લો, ત્યાં કામ કરતા લોકો સાથે વાતચીત કરો અને તે કર્મચારીઓની કાર્યવાહી સંબંધિત તમારા અવલોકનો લખો.

......................................................................

......................................................................

......................................................................

ii પ્રારંભિક શિક્ષણના ધ્યેયોને હાંસલ કરવા માટે અત્યાર સુધી કેવા પ્રયત્નો થઈ રહ્યા છે ?

......................................................................

......................................................................

......................................................................

iii શું તમે વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકનની વર્તમાન પ્રણાલીથી સંતુષ્ટ છો? તમારા અવલોકનો દર્શાવો

......................................................................

......................................................................

......................................................................

| | |
|---|---|
| iv | શું તમને લાગે છે કે વ્યાપક અને સતત મૂલ્યાંકનની યોજના<br>.....................................................................<br>.....................................................................<br>..................................................................... |

બાળકોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં તમને મદદ કરશે ? તમારા વિચારો જણાવો.

## ૩.૬ RTE એક્ટના નિયમો

આપણે આરટીઈ એક્ટની જોગવાઈઓનો અભ્યાસ કર્યો છે. આરટીઈ એક્ટમાં કેટલાક નિયમો ઘડવામાં આવ્યા છે, જેને મફત અને ફરજિયાત શિક્ષણ નિયમો, ૨૦૦૯ બાળકોનો અધિકાર કહેવામાં આવે છે. આ નિયમો જુદા-જુદા રાજ્યમાં કેટલીક હદ સુધી બદલાઈ શકે છે.

અહીં આપણે બાળકના મફત અને ફરજીયાત શિક્ષણ માટેના કેટલાક મહત્વપૂર્ણ નિયમોના અભ્યાસ કરવાનો પ્રયાસ કરીશું.

આરટીઈ એક્ટના નિયમો ૮ ભાગોમાં વિભાજિત છે.

શિક્ષણ અધિકાર કાયદા પર સૈધાંતિક નિયમો, ૨૦૦૯ માં ઘડવામાં આવ્યા.

આ કાયદાના અમલમાં આ નિયમો વ્યાપક ફ્રેમવર્ક પૂરૂ પાડે છે, જેનો આરટીઈ પોતાના રાજ્યનાં નિયમો ઘડી વખતે ભારતના જુદા-જુદા રાજ્યો ઉપયોગ કરી શકે છે. આ રાજ્યોએ તેની ખાતરી કરવી જોઈએ કે તેમના આરટીઈ નિયમોમાં ફરિયાદ નિવારણના તમામ પાસાઓ સામેલ છે. ફરિયાદ કરવાની પધ્ધતિ, રાજ્ય તરફથી ચોક્કસ સત્તાધિશો, ફરિયાદ, નિવારણ માટેની સમયરેખા વગેરે.

તેના વર્તમાન સ્વરૂપમાં આરટીઈ મોડેલના સૈધ્ધાંતિક નિયમો નીચે વિગતો દર્શાવે છે.

- વિશિષ્ટ જરૂરિયાત વાળા બાળકો માટે વિશેષ તાલીમના નિયમો અને પધ્ધતિઓ, કે જેથી તેમને તેમના સાથીઓના શીખવાના સ્તર સુધી લાવી શકાય.
- **નજીકની શાળાઓની ભૌતિક મર્યાદાઓ**

  રાજ્ય સરકારની અને શાળાઓના અપગ્રેડેશનમાં સ્થાનિક સત્તાધિકારીઓની ફરજો, પરિવહન સુવિધાની જોગવાઈ, રહેણાંક સુવિધાઓ અને તમામ પ્રકારના પૂર્ણતાની ખાતરી માટે વિકલાંગ બાળકોને સહાય કરવી કે જેથી તે સુનિશ્ચિત થઈ શકે તે પ્રવેશ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી શકશે.
- સ્થાનિક સત્તાના અધિકારક્ષેત્ર અંતર્ગત પ્રવેશ મેળવનાર બાળકોની નોંધણી, રેકોર્ડ



નોંધ

જાળવણીની રીત અને પધ્ધતિની વિગતો

- વંચિત જૂથોની નોંધણી બાબતે શાળાઓ અને શિક્ષકોની જવાબદારીઓ, નબળા

  વિભાગોના બાળકો સાથે વર્ગખંડમાં વ્યવહારો

- દરેક બાળક માટે જરૂરી વય સાબિતી માટેના પ્રમાણ દસ્તાવેજો

- તમામ શાળાઓ માટે એક્ટ દ્વારા ફરજિયાત માન્યતા મેળવવા (રાજ્ય સરકાર અથવા સ્થાનિક દ્વારા સ્થાપિત) શાળાઓને અનુસરવા માટેની અરજી અને પ્રક્રિયા

- શરતો અને કાર્યવાહી કે જેના દ્વારા આ માન્યતા પાછી ખેંચી શકાય.

- શાળા વ્યવસ્થાપન સમિતિની રચના અને કામગીરી

- શાળા વિકાસ યોજના કે જે એસએમસી બનાવશે અને તેના પર નજર રાખશે.

- શિક્ષકની લાયકાતના ધોરણો

## ૩.૬.૧ પ્રારંભિક

*આ કાયદા પ્રારંભિક વિભાગમાં RTE ના નિયમોના મુખ્ય શબ્દોને વ્યાખ્યાયિત કરવામાં આવેલા છે.*

(એ) **"અધિનિયમ"** *એટલે બાળકોને મુક્ત ફરજીયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯*

(બી) **"આંગણવાડી"** *એટલે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા સ્થાપિત આંગણવાડી કેન્દ્ર*

(સી) **"નિમણૂક તારીખ"** *એટલે સત્તાવાર ગેઝેટમાં સૂચિત તે તારીખ કે જે તારીખે આ કાયદો અમલમાં આવ્યો.*

*(ડી) "પ્રકરણ" વિભાગ અને સૂચિ અનુક્રમે અર્થ થાય છે, કાયદાના પ્રકરણ, વિભાગો અને સૂચિઓ*

(ઈ) **"બાળ"** *નો અર્થ ૬ થી ૧૪ વર્ષની વયનાં કોઈપણ બાળક*

(એફ) **" પીપળ કયમલેટિવ રેકર્ડ "** *(વિદ્યાર્થી સચિત દસ્તાવેજ) એટલે કે વ્યાપક અને સતત મૂલ્યાંકન પર આધારિત બાળકોની પ્રગતિનો રેકોર્ડ*

(જી) **"શાળા મેપિંગ"** *એટલે સામાજિક અવરોધો દૂર કરવા માટે શાળા સ્થાનનું ભૌગોલિક અંતર મુજબ આયોજન કરવું.*

## ૩.૯.૨ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર :

- **વિશેષ તાલીમ :** *જે વિદ્યાર્થીઓનો પ્રવેશ મોડો થયો હોય તેમના માટે ખાસ નિયુક્ત શિક્ષકો દ્વારા વિશેષ તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ આવી તાલીમ બાળકોને સફળતાપૂર્વક પોતાની જાતને એકીકૃત કરવા સક્ષમ બનાવે છે ઉપરાંત તે બાળકોને શૈક્ષણીક અને ભાવનાત્મક રીતે વર્ગના અન્ય બાળકોની સાથે જોડી આપે છે. આવી તાલીમનો સમયગાળો ત્રણ મહિનાનો હશે. એક શિક્ષક તરીકે, આવી તાલીમ દ્વારા બાળકોની મદદ કરવી તે આપણી ફરજ છે.*

- **કલમ-૪ ની પહેલી જોગવાઈ માટે ખાસ તાલીમ :**

  *શાળા વ્યવસ્થાપન સમિતિ/સ્થાનિક સત્તાવાળાઓ એવા બાળકોને ઓળખી આપશે કે જેમને ખાસ તાલીમની આવશ્કયતા હોય અને નીચેની રીતે આ પ્રકારની તાલીમની ગોઠવણ કરશે.*

  *આવી ખાસ તાલીમ ખાસ ડિઝાઈન, વય યોગ્ય શિક્ષણ સામગ્રી પર આધારિત હશે, શિક્ષક કલમ-૨૯ (૧) માં ઉલ્લેખિત સત્તા દ્વારા મંજૂર હોય તે રહેશે.*

  *આવી તાલીમ શાળાના સ્થળ પર વર્ગોમાં અથવા સલામત રહેઠાણ સવલતોમાં આયોજીત કરવામાં આવશે. આ તાલીમ શાળના શિક્ષકો આપશે અથવા ખાસ હેતુ માટે નિયુક્ત શિક્ષકો દ્વારા આપવામાં આવશે.*

  *આવી તાલીમનો સમયગાળો ઓછામાં ઓછો ત્રણ મહિનાનો હશે જે શીખવાની પ્રગતિના સામયિક આકારણીના આધાર પર વિસ્તૃત થઈ શકે છે. જે મહત્તમ ૨ વર્ષ સુધી વધારી શકાય છે, તે પછી બાળક તે યોગ્ય વર્ગમાં દાખલ કરવામાં આવે છે. શિક્ષક દ્વારા આવા વિદ્યાર્થીઓનું ખાસ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે જેથી તેઓ વર્ગના અન્ય બાળકો સાથે સફળતા પૂર્વક જોડાઈ શકે.*

## ૩.૯.૩ રાજ્ય સરકારની ફરજો




**આકૃતિ -૪ રાજ્ય સરકારની ફરજો**

નોંધ



નોંધ

- **સ્થાનિક સત્તાધિકાર :** રાજ્ય સરકાર દ્વારા વર્ગ-I-V ની શાળાઓ બાળકોના નિવાસ સ્થાનથી ૧ કિ.મી.ના વોકિંગ અંતરની અંદર અને વર્ગ - VI થી VIII ની શાળા ૩ કિ.મી.ના વોકિંગ અંતરની અંદર સ્થાપિત કરવામાં આવે છે. જો કોઈ ચોક્કસ વિસ્તારમાં શાળા અસ્તિત્વમાં હોય તો જરૂરીયાતો પ્રમાણે વર્ગોને તે શાળાઓમાં ઉમેરવામાં આવે છે.

  તમે જાણો છો કે, આપણા દેશના ઘણા રાજ્યો હજુ સુધી પ્રારંભિક શિક્ષણનું નેટવર્ક વિકસિત કરી શક્યા નથી. આવા રાજ્યોએ બાળકોને જરૂરિયાત મુજબ ટ્રાન્સપોર્ટેશન અથવા રહેણાંકની સુવિધાઓ પૂરી પાડવાની છે.

  આ સંદર્ભે કેટલીક રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો પ્રશંશનીય છે. જેમ કે કેટલાક રાજ્યો શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને મફત મુસાફરી પાસ પૂરા પાડે છે. જ્યારે કેટલાક રાજ્યો તેમને શાળામાં હાજરી આપવા માટે મફત સાયકલ વિતરણ કરે છે, બાળકોને પોતાના નિવાસની નજીક શાળા પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર અને તેના અધિકારીઓ શાળા મેપિંગ તૈયાર કરે છે અને વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને શોધી નોંધણી પણ કરાવે છે.

## ૩.૬.૪ રેકોર્ડ્સની જાળવણી :

સ્થાનિક અધિકારી તેના અધિકારક્ષેત્રમાં તમામ બાળકોનો રેકોર્ડ જાળવશે. એક ઘરગથ્થુ મોજણી દ્વારા, તેમના જન્મથી ૧૪ વર્ષની વય સુધી પહોંચતા સુધી રેકોર્ડ દર વર્ષે અપડેટ થવો જોઈએ. અહીં શિક્ષક તરીકે આપણી ભૂમિકા મહત્વપૂર્ણ છે.

કોઈપણ સ્થળે બાળકના અધિકારો કચડાતા હોય, ખાસ કરીને શારિરીક અને માનસિક કનડગત, બાળકોના શાળા પ્રવેશના અસ્વીકાર વગેરે તો તે બાબતે આપણે ખૂબ જાગૃત રહેવું જોઈએ અને સ્થાનિક સત્તાધિકારીનું ધ્યાન દોરી નોટીસ અપાવવી જોઈએ. આપણે બાળકની જરૂરીયાતો ઓળખવા માટે, આરટીઈ કાયદાની જોગવાઈઓ મુજબ એક યોજના તૈયાર કરવી જોઈએ અને તેના અમલીકરણ પર નજર રાખવી જોઈએ.

સ્થાનિક સત્તાવાળાઓએ શાળામાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણ પર દેખરેખ રાખવી જોઈએ. જેમ તમે જાણો છો કે આ યોજના પહેલેથી જ ઘણા રાજ્યોમાં અસ્તિત્વ ધરાવે છે. ઘણીવાર આ યોજનામાં કેટલાક ખરાબ વ્યવહારના સમાચાર સમાચારપત્રો અને અન્ય માધ્યમો દ્વારા જાણવા મળે છે. આપણું તે કર્તવ્ય બને છે કે આવી ગેરરીતિઓ આપણે આપણી કક્ષાએથી જ અટકાવી દઈએ.

શાળા સંચાલન સમિતિ એક શાળા વિકાસ યોજના તૈયાર કરશે જે ત્રણ વર્ષ સુધી રહેશે. તેમાં માનવીય સંસાધન સંબંધિત જરૂરિયાતો, માળખાકીય આવશ્યકતાઓ, હેડમાસ્ટર અને શિક્ષકોની નિમણૂક અને અન્ય જરૂર મુજબની વધારાની નાણાંકીય જરૂરિયાતોનો સમાવેશ કરવામાં આવેલો હશે. આપણે આ યોજના તૈયાર કરવા માટે મેનેજમેન્ટ કમિટીની મદદ કરી શકીએ.

## ૩.૬.૫ શાળાઓ અને શિક્ષકોની જવાબદારીઓ :

*રાજ્ય સરાકર દ્વારા નિયંત્રિત અથવા માન્ય દરેક શાળા આરટીઈ કાયદાની જોગવાઈઓના અમલીકરણ માટે મદદ કરશે.*

*આપણે એ ક્યારેય ન ભૂલવું જોઈએ કે શાળાનું સંચાલન કોઈ વ્યક્તિ, જૂથ અથવા વ્યક્તિઓ અથવા કોઈ અન્ય વ્યક્તિના સંગઠનના નફા માટે કરવામાં આવતું નથી.*

*જિલ્લા શિક્ષણ અધિકારીની ભૂમિકા ખૂબ મહત્વની છે, કારણ કે તેણે આરટીઈ એક્ટની જોગવાઈઓને અસરકારક બનાવવા માટે કસ્ટોડિયન તરીકે કામ કરવાનું છે. શાળાઓ DEO ની સૂચનાઓ અને માર્ગદર્શન હેઠળ કામ કરે છે. ઉપરાંત એલિમેન્ટરી એજ્યુકેશન યુનિવર્સલિઝેશન (યુઈઈ)માં શિક્ષકની ભૂમિકા મહત્વની છે. કારણ કે શિક્ષકને આરટીઈ, એક્ટના અમલમાં મુખ્ય માનવ સંસાધન માનવમાં આવે છે.*

*શાળા સંબંધી આપણને સોંપવામાં આવેલી કામગીરી બજાવવામાં આપણે નિષ્ફળ રહીશું તો શાળાની માન્યતા રદ થઈ શકે છે.*

*આપણી ફરજ છે કે પોતાના વિસ્તારના એવા તમામ બાળકોને શોધી કાઢીએ અને નોંધણી કરીએ કે જે શાળામાં પ્રવેશ યોગ્ય છે અને નજીકની શાળાનો પરિચય કરાવી તેમને શિક્ષણ તરફ લાવીએ.*



નોંધ

## ૩.૬.૬. સ્કૂલ મેનેજમેન્ટ કમિટી

*જેમ તમે જાણો છો, મેનેજમેન્ટ શિક્ષણનું એક મહત્વપૂર્ણ પાસું છે. જો આપણે એમ માનતા હોઈએ કે પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થાય તો શાળાનું પ્રબંધન યોગ્ય રીતે કરવું જરૂરી છે.*

*આરટીઈ એક્ટની જોગવાઈ મુજબ સ્કૂલ મેનેજમેન્ટ કમિટી બાળકોના માતા-પિતાની બનેલી હશે અને તેના પર ૭૫% પ્રતિનિધિત્વ તેમનું રહેશે.*

*આ સમિતિના કેટલાક મહત્વના કાર્યો નીચે મુજબના છે.*

- ♦ *દેખરેખ રાખવી કે શિક્ષકો બિન-શૈક્ષણિક કાર્યોનો બોજ ન ધરાવતા હોય (સિવાય કે વસ્તી ગણતરી અને ચૂંટણીઓ સાથે)*
- ♦ *સામાન્ય ફરજો ઉપરાંત શિક્ષકોને ફાઈલ જાળવવી જરૂરી છે.*

  *જેમાં દરેક બાળકનો સંચિત રેકોર્ડ હોય.*

  *જેના આધરે સંબંધિત બાળકને આખા વર્ષને અંતે સમાપ્તિનું પ્રમાણપત્ર આપી શકાય.*

  *શિક્ષકો પાસે એ પણ અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ તાલીમ કાર્યક્રમોમાં ભાગ લે, અભ્યાસક્રમ રચના, તાલીમ મોડ્યુલ અને ટેક્સ્ટ બુક ડેવલપમેન્ટમાં પોતાનો ફાળો આપે.*
- ♦ *શિક્ષકો માટે એક ફરિયાદ નિવારણ પધ્ધતિ વિકસાવી જોઈએ. રાજ્ય સરકાર રાજ્ય સ્તર, જિલ્લા અને બ્લોક સ્તર પર ટ્રિબ્યુનલ્સનું નિર્માણ કરશે.*
- ♦ *રાજ્ય અથવા સ્થાનિક સત્તાધિકારી વિદ્યાર્થી શિક્ષક રેશિયો જાળવશે.*



નોંધ

**પ્રવૃત્તિ-૬**

૧. તમારા વિચાર મુજબ, એક શિક્ષક શાળા પ્રશાસનમાં કેવી રીતે સક્રિય ભાગ લઈ શકે છે ?

.................................................................

.................................................................

.................................................................

૨. તમે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના કાર્યનો અભ્યાસ કર્યો છે ?શું તમે તેમાં અન્ય અતિરિક્ત કાર્યો સૂચવવામાં માંગો છો ?

.................................................................

.................................................................

.................................................................

## ૩.૬.૭ શિક્ષકની લાયકાત :

*સંબંધિત રાજ્યની શૈક્ષણિક સત્તાઓએ શિક્ષકો માટે નીચે જણાવેલી લાયકતો દર્શાવી છે.*

*આ અધિકાર દ્વારા પ્રત્યેક રાજ્યમાં નક્કી કરાયેલ ન્યૂનતમ લાયકાતો લાગુ છે, પરંતુ એવા રાજ્યોમાં કે જ્યાં પ્રશિક્ષિત શિક્ષકોની અછત છે, ત્યાં તમામ શાળાઓમાં નિમણૂક માટેની લાયકાત હળવી કરી શકાય છે. પરંતુ શિક્ષક માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત સૂચિત થવી જોઈએ.*

**પ્રવૃત્તિ-૭**

૧. શું તમે એ વાત સાથે સહમત થાઓ છો કે, કોઈ સ્થિતિ વિશેષમાં શિક્ષકોની લાયકાતને ઢીલી મૂકી દેવી જોઈએ.

.................................................................

.................................................................

.................................................................

## ૩.૬.૮ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને સમાપ્તિ

રાજ્ય સરકાર શૈક્ષણિક પરિષદની સ્ટેટ કાઉન્સિલને સુચિત કરશે.કેજે રાજ્યની શૈક્ષણિક સત્તા છે તે અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને અન્ય શિક્ષણ સામગ્રી ઉપરાંત શિક્ષક તાલીમ કાર્યક્રમની ડિઝાઈન અને અમલીકરણ માટે માર્ગદર્શિકા તૈયાર કરશે. ઉપરાંત તે પણ બતાવશે કે સતત વ્યાપક

મુલ્યાંકન(સીસીઈ) પ્રેક્ટિસને કેવી રીતે વ્યવહારિક બનાવી શકાય. પ્રારંભિક શિક્ષણ પૂર્ણ થયાના એક મહિનાની અંદર શાળા, તાલુકા, જીલ્લા, સ્તરે તે સંબંધી પ્રારંભિક શિક્ષણની સ્કુલ સમાહિતનું પ્રમાણપત્ર પ્રમાણિત થાય છે કે બાળકો દ્વારા સૂચિત અભ્યાસક્રમના તમામ અભ્યાસક્રમો પુરા કર્યા છે. આ પ્રમાણપત્ર સંચયી રેકર્ડને પણ દર્શાવશે તથા તે પણ પ્રતિબિંબિત કરશે કે બાળકે અભ્યાસના નિર્ધારિત વિષયો ઉપરાંત બાળકની સિદ્ધિઓકઈ છે, જેમ કે સંગીતમાં નૃત્યમાં, રમતોમાં અને સાહિત્યમાં.



નોંધ

એક શિક્ષક તરીકે તમારે તમામ પ્રકારના રેકોર્ડસને જાળવવામાં સાવચેત રહેવું જોઈએ. ખાસ કરીને દરેક બાળકોનો સંચિત રેકોર્ડ જે તમને બાળકના સમગ્ર વિકાસનું મુલ્યાંકન કરવામાં મદદ કરશે.

**પ્રવૃતિ- ૮**

૧. શિક્ષણને એક મૂળભૂત અધિકાર સમજતા અભ્યાસક્રમ કેવી રીતે સામાન્ય અને વિશિષ્ટ જરૂરિયાત વાળા બાળકોની આવશ્યકતાઓ પૂરી કરી શકે છે. તેની સંગતતા તપાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

૨. શાળાઓની હાલની સંચાલન પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

૩. બાળકોની પ્રગતિનું મુલ્યાંકન કરવા માટે વ્યાપક અને સતત મુલ્યાંકનની યોજનાની જરૂરિયાતને યોગ્ય ઠેરવો.

..............................................................................

..............................................................................

..............................................................................

## ૩.૬.૯ બાળકોના અધિકારોનું રક્ષણ

દેશના ઘણાં રાજ્યોએ બાળ અધિકારોનું રક્ષણ કરવા માટે નિગમોની રચના કરી છે.જે રાજ્યોમાં આવી નિગમોની રચના નથી કરવામાં આવી તે રાજ્યો બાળ અધિકારોના રક્ષણ માટે અધિકારની નિમણૂક કરી વચગાળાની સતા સોંપી શકે છે. જેને એજ્યુકેશન પ્રોટેક્શન ઓથોરિટિ (આરપીએ) તરીકે ઓળખવામાં આવે છે.

નિગમોની સ્થાપના અને અધિકારીઓની નિમણુક કરવા તમામ સ્તરે સહકાર અને

પ્રતિબદ્ધતાના અભાવને લીધે ઉદ્દેશો પુર્ણ થઈ શકતા નથી. તેથી શિક્ષક તરીકે આપણી પ્રાથમિકતા એ છે કે આરટીઈ અધિનિયમ ૨૦૦૯ના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે આપણે પુરી ઈમાનદારીથી કામ કરતા રહેવું જોઈએ.

## અધિકારોના પ્રકારો:

નોંધ

બાળ અધિકારોને ઘણી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જેમાં નાગરિક, સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક અને રાજકીય અધિકારોનું વિશાળ વર્ણપટ સમાવિષ્ટ છે. આ અધિકારોને બે વિભાગમાં વિભાજીત કરી શકાય છે.પ્રથમ તેવા અધિકારો કે જે બાળકોને કાયદાની જોગવાઈ મુજબ સ્વતંત્ર વ્યક્તિ સમજી સશક્તિકરણનો અધિકાર આપે છે અને સમાજની હકાલપટી સામે રક્ષણ આપે છે. બીજા એવા અધિકારો છે કે જે બાળકોની નિર્ભરતાને કારણે તેમને રક્ષણનો અધિકાર આપે છે. આ અધિકારોને અનુક્રમે સશક્તિકરણ અને રક્ષણનો અધિકાર કહેવામાં આવે છે.કેનેડાની એક સંસ્થા બાળ અધિકારોને ત્રણ વિભાગમાં વિભાજીત કરે છે.

- **જોગવાઈ**:- બાળકોને યોગ્ય જીવન જીવવા, સ્વાસ્થય સંભાળ, શિક્ષણ અને સેવાઓ, રમવા અને મનોરંજનનો અધિકાર છે.આમાં સંતુલિત આહાર, સુવા માટે ગરમ બેડ અને શાળામાં પ્રવેશ વગેરેનું સમાવેશ થાય છે.

- **રક્ષણ**:- બાળકોનો દુરપયોગ, ઉપેક્ષા, શોષણ અને ભેદભાવ આમાટે સલામત સ્થાનનો અધિકાર છે.બાળકોને રમવા માટે રચનાત્મક બાળ પાલન પદ્ધતિ, અને સ્વીકૃતિ બાળકોની વિકસતી ક્ષમતાઓ વગેરેનો સમાવેશ થાય છે.

- **ભાગીદારી**:- બાળકોને સમુદાયોમાં ભાગ લેવાનો અને પોતાના માટે કાર્યક્રમો અને સેવાઓનો અધિકાર છે. આમાં બાળકો પુસ્તકાલયો અને સમુદાય કાર્યક્રમોમાં સામેલ થઈ શકે છે, યુવા વૉઈસ પ્રવૃતિઓ અને નિર્ણય- નિર્માતાઓ તરીકે બાળકો સામેલ થઈ શકે છે.

તેવી જ રીતે બાળ અધિકાર માહિતી નેટવર્ક અથવા **CRIN** બાળ અધિકારોનેબે જુથોમાં વર્ગીકૃત કરે છે.

(ક) **આર્થિક સામાજિક અને સાંસ્કૃતિક** અધિકારો:- આ અધિકારનો સંબંધ ખોરાક, આશ્રય,શિક્ષણ આરોગ્ય સંભાળ, લાભદાયી રોજગાર અને સમાવિષ્ટ શિક્ષણ, પર્યાપ્ત રહેઠાણ, ખોરાક, પાણી, આરોગ્યના સૌથી વધુ પ્રપ્ય ધોરણ, કામ કરવાનો અધિકાર અને કામ પરના અધિકારો, તેમજ લઘુમતિઓ અને સ્વદેશીના સાંસ્કૃતિક અધિકારો જેવી મૂળભૂત માનવ જરૂરિયાતો સાથે છે.



નોંધ

**પર્યાવરણીય, સાંસ્કૃતિક અને વિકાસના અધિકારો :-** આ અધિકારોને ત્રીજી પેઢીના અધિકારો કહેવામાં આવે છે જેમાં સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણમાં રહેવાનો અધિકાર અને લોકોના જુથોને સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક વિકાસના અધિકારનો સમાવેશ થાય છે.વિદ્વતાપુર્ણ અભ્યાસ સામાન્ય રીતે વ્યક્તિગત અધિકારોને ઓળખીને બાળકોના અધિકારોને કેન્દ્રિત કરે છે. નીચે આપેલ અધિકારો બાળકોને તંદુરસ્ત અને મુક્ત થવા દઈ વિકસિત થવામાં 'મદદ કરે છે.

- બોલવાની આઝાદી
- વિચારવાની સ્વતંત્રતા
- ભયથી સ્વતંત્રતા
- પસંદગીની સ્વતંત્રતા અને નિર્ણયો લેવાનો અધિકાર
- પોતાના શરીર પર માલિકી
- જેમ તમે જાણો છો, શિક્ષણ ભારતીય બંધારણની સમવર્તી સુચિમાં છે. તેથી શિક્ષણ આપવું તે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની સંયુક્ત જવાબદારી છે આમ તેના ખર્ચની જવાબદારી પણ બન્નેની છે.

આરટીઈ એક્ટની જોગવાઈઓ હાથ ધરવા માટે ભંડોળ પુરુ પાડવા

કેન્દ્ર સરકાર મૂડી અને રિકરિંગના અંદાજો તૈયાર કરશે અને રાજ્ય સરકારોને સહાયતા અનુદાન આપશે.

આ અનુદાનની નિર્ધારિત ટકાવારી હોય છે જે સમયાંતરે બદલાઈ શકે છે.

૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને મફત શિક્ષણ આપવું તે રાજ્ય અને કેન્દ્ર સરકારની સંયુક્ત જવાબદારી છે.

**સંબંધીત રાજ્ય સરકાર પાસે :-**

- ઉપર વર્ણવ્યા અનુસાર વય જુથના દરેક બાળકને ફરજિયાત પ્રવેશ, હાજરી અને પ્રારંભિક શિક્ષણ પરિપુર્ણતાની ખાતરી કરવી.
- ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને શૈક્ષણિક સુવિધાઓના તમામ પ્રકારોની ઉપલબ્ધતાની ખાતરી કરવી.
- ખાતરી કરવી કે દરેક બાળક માટે ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ શુલભ છે.
- પ્રારંભિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષક માટેની તાલીમની સુવિધા પૂરી પાડવી.
- નજીકમાં શાળાની પ્રાપ્યતાની ખાતરી કરે.
- બાળકો પ્રત્યે કોઈ જમીની ભેદભાવ થતો નથી તેની ખાતરી કરવી.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શૈક્ષણિક સુવિધાઓના તમામ પ્રકારોની ઉપલબ્ધતાની ખાતરી કરવી.
- ખાતરી કરવી કે દરેક બાળક માટે ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સુલભ છે.
- પ્રારંભિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકન માટેની તાલીમની સુવિધા પુરી પાડવી.

## ૩.૭ ચાલો આપણે ઉપર ગણતરી કરીએ

આ યુનિટમાં આપણે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણની વિભાવના અને જરૂરિયાત અંગે ચર્ચા કરી જેનો અર્થ થાય છે. દરેક બાળકને પ્રારંભિક શિક્ષણ ઉપલબ્ધ કરાવવું.

ભારતના બંધારણની કલમ ૪૫માં જોગવાઈ કરવામાં આવેલી છે કે. ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું. આ એકમમાં બંધારણના આ ફકરા અને અન્ય બંધારણીય જોગવાઈઓની પણ સમીક્ષા કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૨માં ભારતની સંસદે ૮૬માં બંધારણીય સુધારો કર્યો જે દ્વારા શિક્ષણના અધિકારને બાળકોનો મુળભુત અધિકાર બનાવવામાં આવ્યો. જે માટે બંધારણમાં કલમ ૨૧એ જોડવામાં આવી. ૧૯૫૯ માં યુનાઈટેડ નેશન્સે




બાળકના અધિકારો જાહેર કર્યા હતા. જેમાં જીવનનો અધિકાર નામનો અધિકાર, રાષ્ટ્રીયતાનો અધિકાર, પોષણનો અધિકાર, અભિવ્યક્તિનો અધિકાર, સ્વાસ્થય અને દેખરેખનો અધિકાર, શિક્ષણનો અધિકાર, સુચનનો અધિકાર, દુરઉપયોગથી, ઉપેક્ષાથા, શોષણથી બચવાનો અધિકાર સામેલ છે. સ.ન. ૨૦૦૯ માં ભારતની સંસદે એક ઐતિહાસિક અધિનિયમ પસાર કર્યો જેને શિક્ષણનો અધિકાર રુધિનિયમ ૨૦૦૯ કહેવાય છે. આપણે આ શિક્ષણના અધિકાર, અધિનિયમના પ્રાવધાનો વિસ્તાર પૂર્વક અભ્યાસ કર્યો. સંબંધીત રાજ્ય સરકાર પાસે :-

- ઉપર વર્ણવ્યા અનુસાર વય જૂથના દરેક બાળકને ફરજિયાત પ્રવેશ, હાજરી અને પ્રારંભિક શિક્ષણ પરિપુર્ણિતાની ખાતરી કરવી ?
- નજીકમાં શાળાની પ્રાપ્યતાની ખાતરી કરે ?
- બાળકો પ્રત્યે કોઈ જમીની ભેદભાવ થતો નથી તેની ખાતરી કરવી ?

## ૩.૮ સંદર્ભ ગ્રંથ કોઈ ઉપયોગી પુસ્તક

- en.wikipedia.org/wiki/Sarva_Shiksha_Abhiyan
- unesdoc.unesco.org/images
- અગ્રવાલ, જે સી. ભારતમાં શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ
- www.tn.gov.in/schooleducation/contacts.htm

## ૩.૯ સ્વાધ્યાય

૧. પ્રથમિક શિક્ષણના સાર્વત્રીકરણ (યુઈઈ) ના ધ્યેય હાંસલ ન થવાના કારણો સમજાવો.

૨. કાયદા ૨૦૦૯ ના પાંચ અધિકારોનું વર્ણન કરો અને શિક્ષકો અને વિદ્યાર્થીઓના લાભ માટે તમારા વિચારો પણ જણાવો.